# ગુજરાત દેશ અને વિશ્વનું એજ્યુકેશન હબ બનવાના મિશન પર છે

## ઇન્ટરનેશનલ કોન્ફરન્સ એકેડેમિક ઇન્સ્ટિટ્યુશન્સ, વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ સમિટની પ્રિ-ઇવેન્ટ

ગાંધીનગર, તા. ૨

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ના ભાગરુપે આગામી તારીખ ૫ મી અને ૬ ઠ્ઠી જાન્યુઆરીના રોજ અમદાવાદમાં સાયન્સસીટી ખાતેના વિજ્ઞાનભવનમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની શૈક્ષણિક ઈન્સસ્ટીયુશન્સ કોન્ફરન્સ યોજાશે. રાજયસરકારના શિક્ષણ વિભાગ, શ્રમ અને રોજગાર, સ્કિલ ડેવલપમેન્ટ વિભાગ સાથે ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન, મીનીસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશીપ, દેશની વિદેશની અગ્રણી યુનિવર્સીટીઝ આ આંતરરાષ્ટ્રીય કક્ષાની એકેડમિક ઈન્સિટીયુશન્સ સમિટ-ICAI ''International Conference of Academic Institutions'' યોજી રહી છે. શિક્ષણની સર્વગ્રાહી સિસ્ટમ માટે ગુજરાત નેશનલ એજયુકેશન પોલીસી૨૦૨૦ના અમલ માટે તૈયાર છે. રાજય સરકારે સર્વગ્રાહી અને પ્રગતિશીલ શિક્ષણ પ્રણાલી વિકસાવી છે જે ગુજરાતને વૈશ્વિક સ્તરે સૌથી વધુ પસંદગીના શૈક્ષણિક સ્થળોમાં અગ્રીમ બનાવવા કટીબધ્ધ છે.

આ આંતરરાષ્ટ્રીય કક્ષાની એકેડમિક ઈન્સિટીયુશન્સ સમિટ કે જે વાઈબ્રન્ટ સમિટ પહેલાની ઈવેન્ટ છે જેમાં શિક્ષણ ક્ષેત્રના નામાંકિત મહાનુભાવો અને ડેલીગેટ્સ, રિસર્ચ સંસ્થાઓ, પ્રોફેશનલ્સ, શિક્ષણવિદ, નેશનલ એજ્યુકેશન પોલીસીની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના પરિવર્તનમાં તેની ભૂમિકા અને તેના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડશે.



આંતરરાષ્ટ્રીય કક્ષાની એકેડમિક ઈન્સિટીયુશન્સ સમિટએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નવી શિક્ષણ પોલીસી ૨૦૨૦ના વિઝનને સફળતાપૂર્વક અમલીકરણ અને સાકાર કરવા માટે એક મંચ પૂરો પાડશે. જે દેશ માટે ગરીબી સામે લડવા અને દેશના નિર્માણ માટેનું ઉદ્દીપક બની રહેશે.

આંતરરાષ્ટ્રીય કક્ષાની એકેડમિક ઈન્સિટીયુશન્સ સમિટ -ICAIમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, નોર્વે, યુકે અને ફ્રાન્સ જેવા દેશો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવા સાથે નોંધપાત્ર પ્રોત્સાહન મળ્યું છે. ધ બ્રિટિશ કાઉન્સિલ, ઑસ્ટ્રેલિયા-ઈન્ડિયા બિઝનેસ એક્સચેન્જ, ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન, ક્વાક્વેરેલી સાયમન્ડ્સ (ક્યુએસ) અને અન્ય જાણીતી સંસ્થાઓ તેના આંતરરાષ્ટ્રીય ભાગીદારો તરીકે કોન્ફરન્સમાં જોડાઈ રહી છે.

આગામી આ કોન્ફરન્સ અંગે ટિપ્પણી કરતા, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ''ગુજરાત પાસે વિશ્વ કક્ષાનું શિક્ષણ હબ બનાવવાની દૂરંદેશીતા અને ઈચ્છાશકિત છે. અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દી નવી શિક્ષણ પોલીસી દ્વઈ-૨૦૨૦ અંગેના જુસ્સા અને વિઝનથી પ્રોત્સાહિત છીએ તથા શિક્ષણ ક્ષેત્ર અને સાથે તેની સાથે સંકલાયેલા માટે પોલીસી સશક્તિકરણનું સાધન બની રહેશે.''

ICAIમાં ભાગ લેનારા જાણિતા ભારતીય વક્તાઓમાં પ્રો. કન્નન મોદગલ્યા (IIT-બોમ્બે), પ્રો. એરોલ ડિસોઝા (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ), ડૉ. ઈન્દુમતી રાવ (બેંગલોર યુનિવર્સિટી ઝમ્ઈ નેટવર્ક), જાન એબ્બેન (નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન), ડૉ. કે.એસ. દાસગુપ્તા (ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનૉલૉજી), રંજન બોઝ (ઈન્દ્રપ્રસ્થ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફર્મેશન ટેક્નોલોજી, નોઈડા), પ્રો. એસ. કે. જૈન (IIT-ગાંધીનગર), પ્રો. ડૉ. એસ. સુંદર મનોહરન (પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી), અને ડૉ. ચંદન ચેટર્જી (ભૂતપૂર્વ ડિરેક્ટર, સ્કિલ ડેવલપમેન્ટ, ગુજરાત સરકાર)નો સમાવેશ થાય છે.

રાજયના ગાંધીનગરમાં આગામી ૧૦-૧૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ૨૫૦૦ જેટલા ઉદ્યોગો અને સંસ્થાઓએ રસ દાખવ્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આમ તો મારા બ્લડ ટેસ્ટમાં દારૂ પકડાય જ નહીં... આ તો આ વખતે દારૂ વધુ કડક આવી ગયો હોય તેમ લાગે છે...!?

# ગાંધીનગરમાં ૭૫૦૦ સરકારી આવાસની હાલત અત્યંત ખરાબ, રહેવા યોગ્ય નથી

### કેન્દ્રના એક સર્વે પ્રમાણે ગુજરાતમાં ૨.૩૫ લાખ ઇમારતો જર્જરીત, ૩૦ લાખ આવાસ ખાલી પડ્યાં છે

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં કેટલા આવાસ ખાલી છે અને કેટલા રહેવા લાયક છે તેનો રસપ્રદ સર્વે થયો છે. આ સર્વેમાં જર્જરીત હાલતમાં જે આવાસો છે તેમાં સૌથી વધુ સરકારી આવાસોનો સમાવેશ થાય છે. સર્વેમાં જણાવ્યા પ્રમાણે પાટનગર ગાંધીનગરમાં સૌથી વધુ જર્જરીત સરકારી આવાસો માલુમ પડ્યા છે. શહેરમાં ૭૫૦૦ સરકારી આવાસ એવાં છે કે જેમાં માનવ વસવાટ શક્ય નથી છતાં લોકો રહે છે.

કેન્દ્ર સરકારના સર્વે પ્રમાણે ભારતમાં ૩૫ કરોડ જેટલા આવાસો છે જે પૈકી ૨૨.૫૦ કરોડ આવાસો ગ્રામીણ વિસ્તારમાં છે અને ૧૨.૫૦ કરોડ મકાનો શહેરી વિસ્તારમાં આવેલા છે. એવી જ રીતે ૧.૮૦ કરોડ મકાનો ગુજરાતમાં આવેલા છે જે પૈકી ૯૫ લાખ આવાસ ગ્રામીણ વિસ્તારમાં અને ૮૫ લાખ આવાસ શહેરી વિસ્તારમાં છે. ભારતમાં હાલની સ્થિતિએ ૨.૮૦ કરોડ આવાસ ખાલી પડ્યાં છે જેમાં માનવ વસવાટ નથી. આ આવાસો વેચાયા નથી અથવા તો રહેવા લાયક નથી.

એવી જ રીતે ગુજરાતના સર્વે પ્રમાણે ૩૦ લાખ જેટલા આવાસો ખાલી પડ્યાં છે. ગુજરાતમાં જે આવાસોનો ઉપયોગ થાય છે તેમાં સૌથી વધુ ૧.૨૫ કરોડ આવાસોમાં માનવ વસવાટ છે. ૬ લાખ આવાસ એવાં છે કે જેમાં રહેણાંકની સાથે કોમર્શિયલ પ્રવૃત્તિ થાય છે. દુકાન તેમજ કચેરી હોય તેવા આવાસોની સંખ્યા ૧૪.૫૦ લાખ જેટલી થવા જાય છે.

રાજ્યના માર્ગ-મકાન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે રાજ્યમાં ભયજનક ઈમારતો માત્ર ગામડાઓમાં નહીં, શહેરોમાં પણ જોવા મળે છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સરકારી કર્મચારીઓ જ્યાં રહે છે ત્યાં સરકારી આવાસો ભયજનક બન્યાં છે. પાટનગરમાં ૪૦ વર્ષ પહેલાં બનેલા ૧૭૦૦૦ પૈકી ૭૫૦૦ સરકારી આવાસો રહેવાલાયક રહ્યાં નથી તેથી અમારો વિભાગ જૂના આવાસોને પાડીને નવા આવાસનું નિર્માણ કરી રહી છે. હવે અમારૂં પ્લાનિંગ બહુમાળી સરકારી મકાનોનું છે.

અલબત્ત, કેન્દ્રના તાજેતરના એક સર્વેમાં જણાવાયું છે કે ભયજનક ઈમારતોની સૌથી વધુ સંખ્યા ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં છે. ગુજરાતનો ક્રમ ત્રીજો આવ્યો છે. ગુજરાતમાં કુલ ૧.૮૦ કરોડ જેટલા ઘર આવેલા છે જે પૈકી ૨.૩૫ લાખ જેટલા ઘર રહેવાલાયક રહ્યાં નથી.

ગુજરાતમાં જે જર્જરીત રહેણાંકના મકાનો છે તે પૈકી ૧.૫૦ લાખ મકાનો ગ્રામ્ય વિસ્તારમાં આવેલા છે જ્યારે ૮૫૦૦૦ જેટલા મકાનો શહેરી વિસ્તારમાં આવેલા છે. જર્જરીત મકાનોના સર્વે પ્રમાણે અમદાવાદમાં ૧૪ હજાર મકાનો જર્જરીત છે. રાજ્યના બનાસકાંઠામાં જર્જરીત મકાનોનો આંકડો ૨૨ હજાર થયો છે. રાજકોટમાં આઠ હજાર, ભાવનગરમાં ૭૫૦૦, વડોદરામાં ૧૦,૦૦૦ અને સુરતમાં ૧૦,૫૦૦ મકાનો રહેવા લાયક નથી.

## ખૂણેખાંચરેથી

- સચિવાલય ગેઈટ પાસે નવા વૃક્ષોનું વાવેતર હાથ ધરાયું છે. સચિવાલય ગેટ નં. ૬ થી લઈ જિલ્લા પંચાયત સુધીના રોડ પર આ વાવેતર થશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની બેઠક ૪થી જાન્યુઆરીના રોજ મળશે.
- કલોલ અને ગાંધીનગર તાલુકામાં તાજેતરમાં યોજાયેલ આયુર્વેદ નિદાન કેમ્પમાં ૧૩૬ દર્દીઓ લાઈફસ્ટાઈલ ડિસ ઓર્ડર થયાના નોંધાતા તંત્રમાં ચિંતાની લ્હેર પ્રસરી જવા પામી છે.
- દહેગામ તાલુકાના સાણોદા ગામે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા ખેલકૂદનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
- ગ્રીનસીટીના ૨૫૦ થી વધુ રહીશો આજે ડભોડા હનુમાનના દર્શને પગપાળા ગયા હતા અને ચાલવાનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે ખાસ ડી.જે. પર ભક્તિગીતો વગાડવામાં આવ્યા હતા.
- સાબરમતી-કલોલ-મહેસાણા રોડ પરથી આજથી બે દિવસ માટે દબાણ હટાવ ઝુંબેશ યોજાશે. આ માટે પાંચ ટીમો તંત્ર દ્વારા બનાવવામાં આવી છે.
- ઘણા બધા વિસ્તારોના આંતરિક માર્ગોનું રિપેરીંગ કામ ચાલતુ હોવાને કારણે તેમજ રોડ પહોળા કરવાની કામગીરીને લઈ અપાયેલા ડાયવર્ઝનને કારણે આંતરિક માર્ગો પર પણ ટ્રાફિક જામના દૃશ્યો જોવા મળી રહ્યા છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વચ્છતાની કામગીરીને રજાના દિવસે વેગીલી બની હતી.
- ગાંધીનગરથી કલોલ હવે સીટી બસો દોડતી થતાં ગ્રામ્ય વિસ્તારની પ્રજામાં આનંદનો માહોલ છવાયો છે.
- સચિવાલય પ્રિમીયર લીગની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આજે મહેસુલ વિભાગે સામાન્ય વહીવટ વિભાગને પરાજય આપ્યો હતો જ્યારે સિંચાઈ વિભાગે વન વિભાગની ટીમને પરાજય આપ્યો હતો.

# શહેરના સેક્ટર-૫માં રહેતી દિકરીની અનોખી ચિત્રકલા શૈલી

શહેરના સેક્ટર-૫-સી ખાતે રહેતી દિકરી ધ્વનિકા ડોડીયા દ્વારા અદ્ભૂત ચિત્રકલા તૈયાર કરવામાં આવી છે. ૧૦ વર્ષની દિકરી





કારડીયા રાજપૂત હાઈસ્કૂલ, સે. ૫ માં અભ્યાસ કરી રહી છે. કોરોનામાં લોકડાઉન સમયે સમયનો સદઉપયોગ કરીને અવનવી કલાકૃતિઓ તૈયાર કરી છે. વેસ્ટમાંથી બેસ્ટ બનાવવામાં માહિર ધ્વનિકાએ લિપસ્ટિક, નેઈલ પોલિસ, રબર, પેન્સિલ, પૂંઠા વિગેરેનો ઉપયોગ કરીને વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ ઘરે જ તૈયાર કરી છે. મોબાઈલનો ઉપયોગ જો સારી રીતે કરવામાં આવે તો બાળકો ઘણા આગળ વધી શકે છે તેવુ ઉદાહરણ આ બાળકીએ પુરૂ પાડ્યું છે. ચિત્રકલા ઉપરાંત કૂકીંગમાં પણ એક્સપર્ટ છે. બ્યુટીપાર્લરનો શોખ છે અને મોટી થઈને શિક્ષિકા બનવાનું સ્વપ્ન છે. માતા-પિતાના સપોટથી દિકરી પેઈન્ટીંગ ક્ષેત્રે પણ આગળ વધવા માંગે છે. કારડીયા રાજપૂત સ્કૂલમાં અભ્યાસ કરતી આ દિકરી અભ્યાસમાં પણ હોંશિયાર છે. તેના માતા-પિતા અને પરિવારના સંપૂર્ણ સહયોગથી પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે તે માટે અત્યારથી જ ખૂબ મહેનત કરી રહી છે.




છેલ્લા ઘણા દિવસોથી વાતાવરણમાં વારંવાર પલ્ટો આવી રહ્યો છે. કયારેક માવઠાની પરિસ્થિતિ સર્જાય છે તો કયારેક જોરદાવર પવન ફૂંકાય છે. સેકટર-૭ સૌરાષ્ટ્ર પટેલવાડીની સામે લગાવેલ હોર્ડીંગ્સ પવનમાં નમી પડયું છે. શહેરમાં ઠેર ઠેર હોર્ડીંગ્સ પડી જતા હતા.

# આઈઆઈટીઈ દ્વારા ચાણક્ય એવોર્ડનો આજથી શુભારંભ

વિદ્યાર્થીઓનું જીવન પ્રકાશિત કરવા શિક્ષણ ક્ષેત્રમાં પ્રવેશનાર અને જીવન પર્યંત કાર્ય કરનાર શિક્ષકો, તાલીમાર્થીઓ અને શૈક્ષણિક સંસ્થાઓની કામગીરીને બીરદાવતા ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈઆઈટીઈ)એ ''ચાણક્ય એવોર્ડ''ની જાહેરાત કરી છે. દર વર્ષે યુનિ.ના સ્થાપના દિવસ ૩૦ જૂનના રોજ શિક્ષક, શિક્ષક પ્રશિક્ષક અને શૈક્ષણિક સંસ્થાને એવોર્ડ તથા રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

કુલપતિ હર્ષદ પટેલે એવોર્ડ અંગેની વિગત આપતા જણાવ્યું કે ગત વર્ષથી ચાણક્ય એવોર્ડ આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વર્ષ-૨૦-૨૧માં શરૂઆત બાદ ૨૧-૨૨માં દ્વિતીય ચાણક્ય એવોર્ડ એનાયત વિધિ યોજાશે. દર વર્ષે યુનિવર્સિટીના સ્થાપના દિવસ ૩૦ જૂનના રોજ આ રોકડ પુરસ્કાર સહ એવોર્ડ વિતરણ સમારોહ યોજવામાં આવે છે. કુલપતિએ ઉમેર્યુ કે આ પુરસ્કાર શ્રેષ્ઠ શિક્ષક તાલીમાર્થી, શ્રેષ્ઠ શિક્ષક પ્રશિક્ષક, શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થા. એમ ત્રણ વિભાગમાં આપવામાં આવશે. ચાણક્ય એવોર્ડની કેટેગરીમાં બેસ્ટ ટીચર ટ્રેઈનીને રૂ. ૨૫,૦૦૦નો રોકડ પુરસ્કાર, ટ્રોફી અને સર્ટીફિકેટ, બેસ્ટ ટીચર એજ્યુકેટરને રૂ. ૫૦,૦૦૦નો રોકડ પુરસ્કાર, ટ્રોફી અને સર્ટીફિકેટ જ્યારે બેસ્ટ ટીચર એજ્યુકેશનન ઈન્સ્ટીટ્યુટને રૂ. ૧,૦૦,૦૦૦નો રોકડ પુરસ્કાર, ટ્રોફી તેમજ સર્ટીફિકેટ એનાયત કરવામાં આવશે.

# સે-૮માં સચિવાલય પ્રિમિયર લીગની સેમીફાઈનલ્સ રમાઈ

### હવે ફાઈનલમાં રેવન્યુ રિબેલિયન્સ તથા ઈન્વિસીબલ ઈરિગેશનની ટીમો ટકરાશે

ગાંધીનગરના સેકટર-૮માં ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમીના ગ્રાઉન્ડ ખાતે સચિવાલય પ્રિમિયર લીગની સીઝન-૨ની ક્રિકેટ ટૂર્નામેન્ટ ચાલી રહી છે. આ ટૂર્નામેન્ટમાં આજે રવિવારે બે સેમિફાઈનલ્સ રમાઈ હતી જેમાં વિજેતા ટીમો રેવન્યુ રિબોલિયન્સ તથા ઈન્વિસીબલ ઈરિગેશન હવે ફાઈનલ ટ્રોફી માટે ટકરાશે.

સચિવાલય પ્રિમિયર લીગની પ્રથમ સેમીફાઈનલ રેવન્યુ રિબેલિયન અને ગોડફાધર જીએડીએ વચ્ચે રમાઈ હતી. જેમાં ગોડફાધર જીએડીએ કેપ્ટન ચિંતન ચૌધરીના ૩૬ રનની મદદથી ૨૦ ઓવરમાં ૧૦૮ રન કર્યા હતા. જેમાં રેવન્યુ રિબેલિયન્સના પ્રિતેશ ડિંડોરે ૧૯ રનમાં ૪ વિકેટ ઝડપી હતી. રેવન્યુ રિબેલિયન્સે પ્રિતેશ ડિંડોરના ૨૮ રન સાથે ૪ વિકેટે ૧૯ ઓવરમાં ૧૦૯ રન કરી મેચ જીતી લીધી હતી. બીજી સેમીફાઈનલમાં ફોરેસ્ટ રેન્જર્સે પ્રથમ બેટીંગ કરતા ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૨૭ રન કર્યા હતા. જેમાં અંકુર કોડિયાતરના ૩૧બોલમાં ૪૩ રન મુખ્ય હતા. આ મેચમાં ઈન્વિસીબલ ઈરિગેશનના નરેશ ચૌધરી, ઈમ્તિયાઝ ભગત અને જીગર બારોટે બે બે વિકેટ ઝડપી હતી. ૧૨૮ રનના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરેલી ઈન્વિસીબલ ઈરિગેશનની ટીમે રોનક ચૌધરીના ૪૪ બોલમાં ૬૧ રન સાથે અને રિકીન પટેલના ૨૮ રનની મદદથી માત્ર ૧૬.૧ ઓવરમાં ૩ વિકેટે મેચ જીતી લીધી હતી. સમગ્ર ટૂર્નામેન્ટના આયોજન માટે મૌલિક પટેલ, અલ્પેશ પટેલ, પ્રતિક રાવ પ્રતિશ ડિંડોર, અશોક સોનારા, વિવેક રાવલનું મુખ્ય યોગદાન છે. બંને સેમી ફાઈનલમાં મેચમાં શહેરના પૂર્વ રણજી ખેલાડી સલીલ યાદવ તેમજ મનીષ વાઘેએ અમ્પાયર તરીકે સેવાઓ આપી હતી.

